# કળા : ટિકટિકિર લેઝ

(કળા એટલે ગરોળીની પૂંછ!)

બંગાળના શાંતિપુર જવાનાં બે આકર્ષણ હતાં. એક તો ત્યાંથી મુલાયમ ધોતી લેવાની હતી. અને બીજું, ઘોડાનાલ તાલ પાસે ચરપનપારામાં રહેતા, બાઉલ બિનીત દાસને મળવું. અમારો મિત્ર સુનીલ રે તે બાઉલને ખૂબ જ ચાહે છે. તે સદાય તેની વાતો કરતો તેથી ખાસ ઇચ્છા થઈ હતી.

બપોરે ભોજન પછીના સમયે, આશરે બે વાગ્યે અમે આશ્રમે પહોંચ્યા. અમને જોઈ બિનીત દાસ ખુશ થયા. તેમનો આશ્રમ ઘોડાનાળ જેવા તળાવના પશ્ચિમ છેડે આવેલો છે.

અમે તેમને ધોતી ખરીદવા માટે શાંતિપુર જવાની વાત કરી. તો તે જાતે સાથે આવવા તૈયાર થઈ ગયા. બાઉલની આ સરળતા જ તેની વિશિષ્ટતા અને મૂડી છે.

બાઉલ સાથે આવવાથી ધોતીના વેપારી પર ચોક્કસ પ્રભાવ પડ્યો. તેમણે પોટલાં ઉતારી ઉતારી, સારી અને વાજબી ભાવમાં ધોતી બતાવવાનું શરૂ કર્યું. એક સ્થાન પર પોટલું ઉપાડતાં પાછળ છુપાયેલી ગરોળી કૂદી અને ફરસ પર પડી. અમે તો કશી હરકત ન કરી, પરંતુ બાજુમાં બેઠેલી કેટલીક મહિલાઓ ગભરાઈ ગઈ!

આ જોઈ બાઉલ હસ્યો અને બોલ્યો, “જવા દો! તે ક્યારેય ફરસ પર નહીં રહે, હમણાં જ દીવાલ પર ચઢી જશે! તે અમારી જેમ “ઊલટા પાથી” છે.

ખરીદી કરીને અમે આશ્રમે પહોંચ્યા, ત્યારે તેમણે તે ઘટનાની સાથે તંતુ જોડીને વાત આગળ વધારી, “મોસાય! ‘મનેર માનુષ’ અને ટિકટિકી (ગરોળી) ચઇે ઘણી સામ્યતા છે! મારા ગુરુ તો તેને “બિન દીક્ષાય ગુરુ” (દીક્ષા આપ્યા વિના થયેલા ગુરુ) કહેતા. તો કહેતા કે આપણાં નાચ, ગાન, ભજન એ બધા મનેર માનુષ સુધી પહોંચવાના રસ્તાઓ જરૂર છે, પણ રસ્તા તો આખર રસ્તા હોય છે, તે કંઈ ફરિસ્તા થોડા થઈ શકે? રસ્તા પર સારાં ઠેકાણાં આવે તેમ

નરસાં પણ આવે! આ જ રસ્તાઓ ક્યારેક પ્રશંસા, પદ, પ્રતિષ્ઠા, પૈસા, ઐશ્વર્ય વગેરે અનેક પ્રલોભન તરફ લઈ જાય, તે સમયે જાગૃત રહી, દુશ્મનથી ઘેરાયેલા ટિકટિકીની જેમ, પૂંછડીને ખેરીને, ભાગે તે મનેર માનુષ સાચો. લોકો તે નૃત્ય, ગીત, સંગીત, વગેરેની છટપટતી પૂંછડીને જ મનેર માનુષ માની, કળા માની, જોયે રાખે ત્યાં મનેર માનુષ ધ્યેય પર પહોંચી જાય. આપણી ગુહ્ય સાધનાનું અંતરંગ રહસ્ય કોઈ કુપાત્ર જાણી ન જાય, તે માટે આ ગીત, સંગીત, નૃત્યનું અમોઘ હથિયાર બાઉલને બક્ષ્યું છે, જેમ ગરોળીને અજ્ઞાત ભય સામે બચવા માટે ખરતી પૂંછડી આપી છે તેમ! સમાજ એમ સમજે છે કે આ ગીત, સંગીત, નૃત્ય તે બાઉલનું એક અંગ છે, તે સાચા છે, બાઉલનું અંગ ખરું, પણ ગરોળીની ખરતી પૂંછડી જેવું અંગ! દુઃખની વાત તો તે છે કે કેટલાક કાચા બાઉલ પણ તે ગીત–સંગીત–નૃત્યની તીગડીને જ મહત્ત્વનું અંગ માની, તે ક્યારેય ખરી ન જાય તેની કાળજી રાખી, જીવનભર તે જ કામ કરે છે!

બીજી વાત, ગરોળીની જેમ બાઉલ પણ "ઊલટા પાથી" (ઊલટા માર્ગે ચાલનાર) છે. ગરોળી ઊભી દીવાલ પર ચઢે છે! બાઉલ પણ વિપરીત રાહ પસંદ કરે છે. અમને લોક જેમ બહુ પસંદ નથી કરતા, તેમ ગરોળીને પણ લોકો પસંદ નથી કરતા, જોઈ જાય કે તરત ઝાડુ લઈને કાઢે છે! અમે સદાય લોકોની નજરે ચઢ્યા વિના, છુપાયેલા રહેવું પસંદ કરીએ છીએ, તેમ ગરોળી પણ સદા છુપાયેલી રહે છે. અમારી જેમ દમ રોકી શાંત રહેતી ગરોળી, ક્યારેય અમારી ઝૂંપડીમાં નથી આવતી, પણ દૂર રહી અમને શિખામણ આપે છે.

# આંબલીના કાતળા ગરમ જોઈએ કે ઠંડા?

એપ્રિલ, ૨૦૨૨ના ઢાકાપ્રવાસમાં એક અભરખો હતો. નજરૂલ ઇસ્લામનો એક પ્રિય બાઉલ હતો. તેનો એક શિષ્ય જીવિત હતો. તેને ઢાકામાં મળવું હતું. નઝરૂલનાં પત્ની, અન્નપૂર્ણાદેવી હિન્દુ હતાં. ખરેખર તો આ બાઉલ અન્નપૂર્ણાજીનો સંગી હતો. ઢાકાના ઉત્તર છેડે, ટોંગા પરગણામાં મિલિતકમાલ મદરેસાની બાજુમાં, આ બાઉલ વસે છે. અનેક બાઉલકથા અને ગીતોની ચર્ચા થઈ, પણ તે પૈકી એક અહીં રજૂ કરું છું.

મારા ગુરુનું નામ દમા દાસ. તેઓ બાળપણથી ગુરુ સુંદર દાસ પાસે હતા. તેમનું બાળપણનું નામ દીન હતું, તેમાંથી દમા દાસ કેમ થયું તે વાત સાંભળીએ.

સદા ઘૂમતા બાઉલ સુંદર દાસ સાથે બાળક દમા દાસ પણ બધે જ ફરતા, ગાતા અને વગાડતા. એક વખતે તેઓ પદ્માના પૂર્વ કાંઠે ચારધાર ગામમાં હતા અને પદ્મા વળોટી સગર્ધાર ગામ જવું હતું, તેથી નદીકાંઠે હોડીની રાહ જોતા હતા. કાંઠા પરની વિશાળ આંબલી જોઈ બાળક દમા દાસને આંબલી ખાવાની ઇચ્છા થઈ. ગુરુ દમાના ભાવ કળી ગયા. તેમણે કહ્યું, “તું આંબલી પર ન ચઢી શકે, ચાલ, આંબલી નીચે જઈએ, ત્યાં ઉપર કોઈક લાગે છે, તેને કહીશું.” બંને ગુરુ-શિષ્ય આંબલી નીચે ગયા. ઊંચું જોઈને દમા દાસ બોલ્યો, “ભાઈ, મારે આંબલી ખાવી છે, થોડી આપને?” આંબલી પર ચઢેલો, દસ-બાર વર્ષનો છોકરો બોલ્યો, “જોય ગુરુ! ભાઈ હું ભરવાડ નથી, હું પણ બાઉલ છું, મારું નામ કાપિ બાઉલ!” તેની વાત સાંભળી દમા દાસ રાજી રાજી થઈ ગયો.

પછી કાપિ દાસે ઝાડ પરથી જ પૂછ્યું, “કેવી આંબલી આપું? ઠંડી કે ગરમ?

દમા દાસ તો ચકિત થઈ ગયો! આંબલી કૈં ગરમ કે ઠંડી થોડી હોય? તેણે માર્ગદર્શન માટે ગુરુ સુંદર દાસ સામે જોયું, ગુરુએ કહ્યું, “મૂંઝાય છે શું! વારફરતી બંને માગજે! પહેલાં ઠંડી માગ, પછી ગરમ માગજે!”

દમા દાસે કાપિ બાઉલને કહ્યું, “ઠંડી આપ!”

કાપિ દાસ બોલ્યો, “તારો ગમછો ફેલાવ!”

દમા દાસે ગમછો ફેલાવ્યો, કાપિ દાસે ઉપરથી ઘા કરી તેમાં ચાર-પાંચ આંબલીના કાતળા ફેંક્યા! દમા દાસે પ્રેમથી ખાધા. ગુરુ સુંદર દાસને કહ્યું, "આંબલી મીઠી પણ છે અને ઠંડી પણ છે!" ઘેઘૂર આંબલીની છાંયમાં કાતળા ઠંડા હોય તે તો સ્વાભાવિક છે!

હવે દમા દાસે ઊંચે જોઈ કાપિને કહ્યું, 'ભાઈ, હવે ગરમ આપ!"

કપિ દાસ બોલ્યા, "ભલે." તેમ બોલી તેણે ઉપરથી થોડા કાતળાનો ઘા કર્યો! કાતળા ગમછાને બદલે નદી કાંઠાની ઝીણી ધૂળમાં પડ્યા. દમા દાસે તે ઉઠાવી લીધા. અને તેના પર ચઢેલી ધૂળને, ફૂંક મારી, ઉડાડી ઉડાડી, મોજથી ખાવા લાગ્યો. કાતળા ખવાતા હતા ત્યાં સુધી તો તેમાં રસ હતો, ત્યાં સુધી તો તેનાં ગરમ-ઠંડાપણા તરફ ધ્યાન નહોતું, પછી અંતિમ ટુકડા વખતે યાદ આવ્યું તેથી તે ઊંચે જોઈ, બોલ્યો, "અરે! કાપિ! આ કાતળા તો ઠંડા જ છે!"

કાપિ દાસે નીચું માથું નમાવી, વચ્ચે આવતી ડાળોને દૂર કરી, ગુરુ સુંદર દાસ સામે જોયું, અને બોલ્યો, "ગુરુ, જુઓ, તમારો શિષ્ય કેવો જુઠ્ઠાબોલો છે! તમે પણ જોયું હશે કે તે કાતળાને ફૂંક મારી મારી, ઠારી ઠારીને ખાતો હતોને? જો ગરમ નહોતા તો ફૂંક મારવાની શું જરૂરત હતી?"

સુંદર દાસ બાળક કાપિ બાઉલની વાત પર હસ્યા.

પાંચ વર્ષ પછી, દમા દાસને ગુરુએ તે પ્રસંગ યાદ કરાવ્યો. અને કહ્યું,

'દેહના દમનું પણ તેવું જ છે. આરસીનગર (મન) પરની રજ ઠંડી હવાથી ઊડી જાય, ગરમ હવાથી વધુ ચોંટે અને આરસીને ધૂંધળી બનાવે, તેમ કહી એક નાના અરીસા પર, થોડી ઝીણી રજ નાખી, મોં અને હોઠને અર્ધી ભૂંગળીની જેમ ખોલી, ફૂંક મારી, સપાટી પરની બધી રજ ઊડી ગઈ! આરસી ચોખ્ખી થઈ ગઈ!

ફરી આરસીની સપાટી પર ઝીણી ધૂળ નાખી, સપાટીને રજોટાયેલી કરી. આ વખતે મોં પહોળું કરી સપાટી પર ઉચ્છ્વાસ કાઢ્યો, સપાટી પરની રજ હલી પણ નહીં, ઊલટું ઉચ્છ્વાસનો ભેજ સપાટી પરની રજ સાથે ચોંટી ગયો, રજ અને ભેજના મિશ્રણથી અરીસો વધુ ધૂંધળો થઈ ગયો.

વાતનું સમાપન કરતાં ગુરુએ કહ્યું, "પ્રાણ શ્વાસની જ આ બધી રમત "ખેલા" છે! શ્વાસ લેતાં અને ઉચ્છ્વાસ છોડતાં આવડી જાય, તો રજ શું, રજ, તમ અને સત્ત્વ બધુંય ઊડી જાય! આરસીનગરમાં ફક્ત આપણે જ જોવા મળીએ."